# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા; સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/118 Dt. 02/09/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત 'લિવર એન્ડ લાઇફ' વિષે સેશન યોજાયું

### સેશનમાં ડો. દિવાકર જૈને લિવર સંબંધિત વિવિધ રોગો, તેમના લક્ષણો, પ્રિવેન્શન, ટ્રિટમેન્ટ અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન વિષે વિસ્તૃત જાણકારી આપી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'લિવર એન્ડ લાઇફ' વિષે સેશન યોજાયું હતું, જેમાં શેલ્બી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલના એચપીબી એન્ડ લિવર ટ્રાન્સપ્લાન્ટેશન સર્જરી વિભાગના સિનિયર કન્સલ્ટન્ટ એન્ડ હેડ ડો. દિવાકર જૈને લિવર સંબંધિત વિવિધ રોગો, તેમના લક્ષણો, પ્રિવેન્શન, ટ્રિટમેન્ટ અને લિવર ટ્રાન્સપ્લાન્ટેશન વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા આરોગ્યપ્રદ સમાજના નિર્માણ માટે હેલ્થ સિરીઝ અંતર્ગત વિવિધ વિષયો પર સેશનોનું આયોજન કરવામાં આવે છે. ઉદ્યોગ જગતના અગ્રણીઓ તેમજ નાગરિકોને આરોગ્ય વિષયક જાણકારી મળી રહે તે હેતુસર નિષ્ણાત ડોકટરોને આમંત્રિત કરવામાં આવે છે. ચેમ્બર દ્વારા ભવિષ્યમાં પણ હેલ્થ સિરીઝ અંતર્ગત આવા કાર્યક્રમો સતત યોજાતા રહેશે.

ડો. દિવાકર જૈને જણાવ્યું હતું કે, આજના સમયમાં અસ્વસ્થ જીવનશૈલી, અનિયમિત આહાર અને તણાવને કારણે લિવરની તકલીફો ઝડપથી વધી રહી છે. સમયસર નિદાન અને યોગ્ય સારવારથી ગંભીર પરિસ્થિતિઓને અટકાવી શકાય છે, સાથે જ તેમણે તંદુરસ્ત જીવનશૈલી અપનાવવી અને જરૂરી કાળજી રાખવી અગત્યની હોવાનું

ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે કહયું હતું કે, લિવર માનવ શરીરનું અગત્યનું અંગ છે, જે ઘણા મહત્વના કાર્યો કરે છે, તેથી તેની અવગણના કરવી આરોગ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે, આથી લિવરની તંદુરસ્તી જાળવવા માટે સંતુલિત આહાર લેવો, નિયમિત વ્યાયામ કરવો, દારૂ તથા તમાકુ જેવા હાનિકારક પદાર્થોથી દૂર રહેવું અને નિયમિત હેલ્થ ચેકઅપ કરાવવું અત્યંત આવશ્યક છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને નાગરિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા અને તેઓએ આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.